આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-02-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# સંસદના બંને ગૃહમાં રાષ્ટ્રપતિ અભિભાષણ પર ચર્ચા

સંસદના બંને ગૃહોમાં રાષ્ટ્રપતિ અભિભાષણ પર આભાર પ્રસ્તાવ અંગે ચર્ચા થઈ હતી. ભારતીય જનતા પક્ષના સાંસદ અનુરાગ ઠાકુરે ચર્ચામાં ભાગ લેતા ગત દસ વર્ષોની સરકારની સિદ્ધિઓના વખાણ કર્યા. શ્રી ઠાકુરે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા, તેમજ લોકોના કલ્યાણ અર્થે અનેક પગલાં લીધા છે.

ભાજપના સાંસદ બાંસૂરી સ્વરાજે કહ્યું કે ખેડૂતોનું કલ્યાણ અને મહિલા સશક્તિકરણ સરકારની પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી કિસાન સમ્માનનિધિ યોજના અંતર્ગત અત્યાર સુધી ખેડૂતોને ત્રણ લાખ કરોડથી વધારેની સહાય વિતરણ કરાઈ છે.

આ પૂર્વે ગૃહની કાર્યવાહી શરૂ થતા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિનો મુદ્દો ઉઠાવ્યો હતો. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું કે સંસદની કાર્યવાહી નિયમો અને પરંપરા આધારિત હોય છે. તેમણે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ દરમિયાન અન્ય ચર્ચા ન કરવા વિપક્ષને કહ્યું હતું. જે બાદ વિપક્ષી સાંસદોએ નીટ મુદ્દે ગૃહમાંથી વૉકઆઉટ કર્યું હતું.

---

નેશનલ ન્યુઝ

---

## પ્રધાનમંત્રી – ડીજીટલ ઈન્ડિયા ઝુંબેશ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડિજીટલ ઇન્ડિયા ઝુંબેશના સફળતાપૂર્વક નવ વર્ષ પૂર્ણ થતા સરહાના કરી હતી. સેશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, ડિજીટલ ઇન્ડિયા સશક્ત ભારતનું પ્રતિક બન્યુ છે, જે રોજિંદા  જીવનમાં સરળતા અને પારદર્શકતાને પ્રોત્સાહન આપે છે.

ઉલ્લેખનીય છે કે ડિજીટલ ઇન્ડિયા ઝુંબેશ દ્વારા 11 કરોડ ખેડૂતોના ખાતામાં સીધા રૂપિયા ટ્રાન્સફર થાય છે. આ આંકડો કેનેડા અને ફ્રાન્સની વસતી કરતા વધારે છે. એકસો, 37 કરોડથી વધુ આધાર નંબર તૈયાર કરાયા છે, જે દરેક ભારતીયની વિશેષ ઓળખ અને લાખો લોકોની ડિજીટલ ઓળખને સશક્ત બનાવે છે. ડિજીલોકર દ્વારા છસ્સો, 74 કરોડથી વધારે દસ્તાવેજ જાહેર કરાયા છે. ભારતનેટે છ લાખ કિલોટમીરથી વધારેનું ઑપ્ટિકલ ફાઇબર નેટવર્ક બિછાવ્યું છે. યૂપીઆઈ દ્વારા પાચસો, 35 કરોડથી વધારેના ટ્રાન્ઝેક્શન થયા. 34 કરોડથી વધારે આયુષ્યમાન કાર્ડ બન્યા, જ્યારે 9 કરોડથી વધારે ફાસ્ટટેગ જાહેર કરાયા.

નેશનલ ન્યુઝ

---

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ – નવા ફોજદારી કાયદા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે અમલી બનેલા ત્રણ ફોજદારી કાયદા દેશની સૌથી આધુનિક ન્યાય વ્યવસ્થાનું નેતૃત્વ કરશે. તેમણે કહ્યું કે ફોજદારી ન્યાય વ્યવસ્થા સંપૂર્ણપણે સ્વદેશી છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ દિલ્હીમાં ત્રણ નવા ફોજદારી કાયદા વિશે માહિતી આપતાં જણાવ્યું કે નવા કાયદા ત્વરિત ન્યાય અને પીડિતોના અધિકારોને સુનિશ્ચિત કરશે.

---

## ઉર્જા ક્ષેત્રે મહત્વના કરાર

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને ગુજરાત એનર્જી ટ્રેનિંગ એન્ડ રિસર્સ ઇન્સ્ટિટ્યૂટ -GETRI અંતર્ગત વિભાગ સેન્ટર ફોર નેટ-ઝીરો એનર્જી ટ્રાન્ઝિશને લૉન્ગ ડ્યૂરેશન એનર્જી સ્ટોરેજ કાઉન્સિલ સાથે મહત્વપૂર્ણ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

G.U.V.N.L અને L.D.E.S. કાઉન્સિલ વચ્ચેના સમજૂતી કરાર લાંબા સમયના ઊર્જા સંગ્રહના ઉકેલના વ્યાપક મૂલ્યાંકન માટેનો માર્ગ મોકળો કરે છે. આ ટેકનોલોજી ગ્રીડ સ્થિરતાને સુનિશ્ચિત કરવા અને સૉલર અને પવન-ઊર્જા જેવી પુનઃપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોના સંકલનને સક્ષમ બનાવવા માટે મહત્વપૂર્ણ છે.

**RNU અમદાવાદ**

---

## રાજ્ય અને જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર (ઓરેનજ/યલ એલર્ટ)

ચૂંટણીપંચે રાજ્ય ભરમાં સતત બીજા દિવસે પણ હળવાથી ભારે વરસાદનું જોર યથાવત રહ્યું હતું. ગઈકાલે જુનાગઢ, જામનગર વિસ્તારમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. જુનાગઢના માણાવદરમાં 14 ઈંચ વરસાદના કારણે ઠેરઠેર જળભરાવની સ્થિતિ સર્જાઈ હતી. સારા વરસાદના કારણે જુનાગઢ વિસ્તારના 8 ડેમ ચોમાસાના પ્રારંભે છલકાયા હતા. છેલ્લા બે દિવસમાં રાજ્યના 250 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. આજે રાજ્યના 8 જિલ્લામાં ભારે વરસાદની શકયતાના પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં પણ હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. હવામાન

વિભાગની આગાહી મુજબ આજે રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં સાર્વત્રીક વરસાદની શકયતા વચ્ચે કચ્છ, દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર, જુનાગઢ, સુરત, નવસારી અને વલસાડ વિસ્તારમાં અતિભારે વરસાદની શકયતાને લીધે ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જયારે રાજ્યના બાકી વિસ્તારોમાં ભારે વરસાદની શકયતાને લીધે યલો એલર્ટ જાહેર કરાયું છે.

દરમિયાન ગઈકાલે લખપત તાલુકામાં વરસાદી ઝાપટા સાથે ભારે પવન ફુંકાતા ઘરોના છાપરા ઉડવા ઉપરાંત વૃક્ષો તેમજ વીજપોલ ધરાશાઈ થતાં તાલુકાના નારાયણ સરોવર સહિત 30 જેટલા ગામોમાં અંધારપટ છવાયો હતો. ઘરોના છાપરા ઉડવાના કારણે બાળક સહિત ત્રણને ઈજા થઈ હતી.

**N.P**

---

## કચ્છના સુકા મેવા ખારેકની સિઝન શરૂ

કચ્છના સૂકા મેવા તરીકે પ્રખ્યાત ખારેકની સિઝન શરૂ થતા બજારમાં ખારેકની આવક જોવા મળી રહી છે. ઈઝરાયેલ ટેકનોલોજી અને ટીસ્યૂ કલ્ચર પધ્ધતિથી જિલ્લામાં મોટા પ્રમાણમાં ખારેકનું વાવેતર અને ઉત્પાદન થાય છે. જેની માંગ દેશ –વિદેશમાં છે. જેને પગલે સારી આવક ધરતીપુત્રો મેળવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લાના ખેડૂતો દ્વારા કેસર કેરી, દાડમ, ડ્રેગન ફ્રુટ અને ખારેકનું મબલખ ઉત્પાદન કરાતા ખેતી ઉપરાંત પરિવહન સહિતના વ્યવસાયમાં ઉજ્જળા સંજોગો સર્જાયા છે.

**N.P**

---